રેલવે ગુડ્સ લાઈનના સરવેનો વિરોધ

પલસાણાના વીંઝોળીયા નજીક અજાણ્યા સર્વેયરો આવતાં કામ અટકાવાયું

સ્થાનિક તંત્રને જાણ ન હોવાનો આક્ષેપ

ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના એના ગામ નજીક આવેલા વીંઝોળીયા ગામ વિસ્તારમાં રેલવે ગુડ્સ ટ્રેન લાઈનના પ્રાથમિક સરવેને લઈ વિવાદ સર્જાયો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ રિક્ષામાં આવેલા કેટલાક અજાણ્યા ઈસમો ખેતરોમાં સરવે અને નિશાનીઓ મૂકી રહ્યા હતા. આ અંગે માહિતી મળતાં સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલ (એના)ને જાણ કરવામાં આવી હતી.

પરિમલ પટેલે સ્થળ પર હાજર ખેડૂતોને સરવેની કાયદેસરતા અંગે પૂછપરછ કરવા જણાવ્યું હતું. જો કે, સરવે કરતા અધિકારીઓને ગુજરાતી તેમજ હિન્દી ભાષાનું જ્ઞાન ન હોવાથી ખેડૂતો સાથે યોગ્ય સંવાદ થઈ શક્યો ન હતો. ત્યારબાદ ખેડૂતો દ્વારા મોબાઈલ ફોન મારફતે અધિકારીઓની વાત પરિમલ પટેલ સાથે કરાવવામાં આવી હતી. સરવે માટે જરૂરી દસ્તાવેજો અને અધિકૃત પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેતાં કામ તાત્કાલિક બંધ કરવાની સૂચના આપવામાં આવી હતી, જેના પગલે સંબંધિત ઈસમો સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા.

થોડા સમય બાદ પોલીસ કાફલો સ્થળ પર પહોંચતા ફરીથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. ખેડૂતોના સંપર્ક બાદ પરિમલ પટેલ પણ સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસ દ્વારા આ રેલવે વિભાગના ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટ માટેનું પ્રાથમિક સર્વેક્ષણ હોવાનું જણાવાયું હતું. જો કે, ખેડૂતો અને સ્થાનિક આગેવાનોએ સવાલ ઉઠાવ્યો હતો કે સ્થાનિક ભાષા કે હિન્દી ન જાણતા અધિકારીઓને સરવે માટે મોકલવામાં આવતા ગેરસમજ અને તણાવની સ્થિતિ સર્જાઈ શકે છે.

ખેડૂતો દ્વારા સ્થાનિક પ્રશાસન અને જિલ્લા તંત્રને અગાઉથી જાણ કરવામાં આવી હતી કે નહીં તે અંગે પૂછવામાં આવતા સ્પષ્ટ જવાબ મળ્યો ન હોવાનું જણાવાયું હતું. આથી ખેડૂતોમાં અસંતોષ જોવા મળ્યો હતો. તેમનો આક્ષેપ છે કે જો કલેક્ટર સહિતના સ્થાનિક તંત્રને પણ યોગ્ય માહિતી ન હોય તો સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે ચાલી રહી છે કે નહીં તે અંગે પ્રશ્નો ઊભા થાય છે.

પરિમલ પટેલે જણાવ્યું હતું કે, પાલઘર-ધનકુડી રેલવે ટ્રેક પ્રોજેક્ટ અંતર્ગત તાપી જિલ્લામાંથી સુરતના ઉન વિસ્તાર સુધી જોડાણ વિકસાવવાની યોજના છે. આ જ પ્રોજેક્ટ હેઠળ પલસાણાના એના ગામ નજીકથી નવસારી તરફ પણ રેલવે જોડાણ આપવામાં આવવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ખેડૂતો હવે સમગ્ર પ્રોજેક્ટ અંગે સત્તાવાર માહિતી જાહેર કરવા અને યોગ્ય પ્રક્રિયા બાદ જ સરવે હાથ ધરવાની માંગ કરી રહ્યા છે.

હિતેશ પટેલ

પાંડેસરાના યુવાનનું નહેરમાં ડૂબી જતાં મોત

માંડવી: માંડવીની કાકરાપાર જમણા કાંઠા નહેરમાં હાથ-પગ ધોવા ઊતરેલા એક આશાસ્પદ યુવાનનું પાણીના તેજ પ્રવાહમાં તણાઈ જવાથી ડૂબી જતાં મોત નીપજ્યું છે.

મૂળ મહારાષ્ટ્રના ધુલે જિલ્લાના સિંધી ખેડાનો વતની અને હાલ સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલા રામેશ્વરનગરમાં રહેતો ૧૯ વર્ષીય રાહુલ છોટુલાલ મહાજન બુધવારે બોરી ગામની સીમમાંથી પસાર થતી નહેર પાસે પહોંચ્યો હતો. આ દરમિયાન નહેરમાં હાથ-પગ ધોવા જતાં અચાનક તેનો પગ લપસ્યો હતો અને તે પાણીના વહેણમાં તણાઈ ગયો હતો. સ્થાનિક લોકોએ આ અંગે માંડવી પોલીસ અને ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચેલી ફાયર વિભાગની ટીમે નહેરમાં ભારે શોધખોળ બાદ રાહુલનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ અકસ્માતથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

દેવચાંદની પાસે પાસે અકસ્માત, એકનું મોત

વ્યારા: ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે પર દેવચાંદની ગામ પાસે ગતરોજ સાંજે મિની ટેમ્પો અને પલ્સર બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બંને વાહનો સામસામે ધડાકાભેર અથડાતાં આમકુટી ગામના બાઈક ચાલક મર્ગીયાભાઈ બાવાભાઈ વસાવાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટેમ્પો ચાલક પોતાનું વાહન છોડી નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસે ઘટના સ્થળે પહોંચી ટેમ્પો ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જોળવામાં પાડોશીઓ વચ્ચે નજીવી બાબતે ઝઘડો

પલસાણા: પલસાણાના જોળવા ગામની આરાધના ગ્લોરીયસ સોસાયટીમાં ગત ૧૪ જૂનના રોજ પાડોશીઓ વચ્ચે હિંસક ઝઘડો થયો હતો. સોસાયટીમાં કૂલર પરત કરવા બાબતે સુનીલ વિશ્વકર્મા અને બીજ્ઞુદેવી વચ્ચે વાતચીત ચાલી રહી હતી. તે દરમિયાન વચ્ચે પડેલા પાડોશી આત્મચંદ તિવારીનાં પત્ની સુમનબેન અને તેમની દીકરી આસ્થા પર રઘુવંશમની દુબે, બીજ્ઞુદેવી, રુચિ અને શૈલેષમનીએ ભેગા મળીને હુમલો કર્યો હતો. ચારેય આરોપીએ માતા-પુત્રીને ઢીકમુક્કીનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે કડોદરાની હોસ્પિટલમાં ખસેડાયા છે. પલસાણા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાલોડ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ વિજયાબેન નાઇકે ફરી ચાર્જ સંભાળ્યો

વાલોડ: વાલોડ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ વિજયાબેન નાઇકને ડીડીઓ દ્વારા હોદ્દા પરથી દૂર કરાયા બાદ, ગાંધીનગર અધિક વિકાસ કમિશનરે આ હુકમ સામે તત્કાળ સ્ટે (મનાઈ હુકમ) આપ્યો હતો. જો કે, રાજકીય દબાણ હેઠળ તાલુકા પંચાયતના કર્મચારીઓ અને ટીડીઓએ તેમને ચાર્જ સોંપવામાં આનાકાની કરતાં વિજયાબેન સમર્થકો સાથે આખી રાત કચેરી બહાર ધરણાં પર બેઠાં હતાં. બીજા દિવસે કોંગ્રેસના અગ્રણીઓ અને સ્થાનિક હિન્દુ-મુસ્લિમ સમાજના લોકોએ અધિકારીઓનો ઘેરાવો કરી ભારે હોબાળો મચાવ્યો હતો. આખરે તંત્ર નમ્યું હતું અને ટીડીઓના લેટર બાદ વિજયાબેને પુન: સરપંચનો ચાર્જ સંભાળ્યો હતો. આ જીતથી ગ્રામજનોએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચી ઉજવણી કરી હતી, જ્યારે વિરોધીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો.

માંડવી તા.પં.ના કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષોની વરણી

હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રમુખ શારદાબેન કમલેશભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સામાન્ય સભામાં તાલુકાના વિકાસના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી રાજેન્દ્રસિંહ પરમારની ખાસ ઉપસ્થિતિમાં આ સભા દરમિયાન તાલુકા પંચાયતની મહત્ત્વની સમિતિઓના નવા પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. સભાની કાર્યવાહીમાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે જતીનકુમાર બાબુભાઈ ચૌધરી અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે વિજયભાઈ કલ્યાણજીભાઈ માહ્યાવંશીની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. સભામાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રીતેશભાઈ પ્રેમાભાઈ ચૌધરી, છનાભાઈ વસાવા, આતિશભાઈ ચૌધરી સહિતના પદાધિકારીઓ અને ચુંટાયેલા સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વ્યારાના રામકૂવા ગામમાં ગોચરની જમીન બચાવવા ગ્રામજનોની રજૂઆત

વ્યારા: વ્યારાના રામકૂવા ગામે ગોચરની જમીન પર પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજનાના નિર્માણને લઈને ગ્રામજનોમાં વિરોધનો માહોલ સર્જાયો છે. ગ્રામજનોનું કહેવું છે કે ગામમાં ગોચરની જમીન ખૂબ જ ઓછી માત્રામાં બચી છે અને આ જમીનનો ઉપયોગ રમતગમત તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કરવામાં આવે છે. ગ્રામજનોએ રમત ગમતનાં મેદાન માટે ગ્રામસભામાં સૂચિત કરેલી ગોચર જમીન તંત્ર દ્વારા પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજના માટે ફાળવવામાં આવતા સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે ગામના આગેવાનો અને ગ્રામજનોએ તાપી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી બંને યોજનાઓને અન્ય યોગ્ય સ્થળે ખસેડવાની માંગ કરી છે.

હથોડા પોલીસ હુમલા કેસના 8 વોન્ટેડ આરોપી ઝડપાયા

પલસાણા: સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે હથોડા ગામે પોલીસ ટીમ પર હુમલો કરી ફરજમાં રૂકાવટ ઊભી કરવાના ગુનામાં સંડોવાયેલા 8 વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી છે. ગત ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ કોસંબા પોલીસ હદના હથોડા ગામે ગૌવંશ કતલની તપાસ કરવા ગયેલી પોલીસ ટીમ પર આરોપીઓએ જીવલેણ હુમલો કર્યો હતો. નાસતા ફરતા ગુનેગારોને પકડવાની ખાસ ડ્રાઈવ અંતર્ગત બાતમીના આધારે પોલીસે મુનીર પઠાણ, મુસેફ પઠાણ, મોહમ્મદ શબ્બીર મલેક, ફૈઝલ પઠાણ, રીયાઝ મિર્ઝા, અતીક માસ્ટર, યાહ્યા ચક્કીવાલા અને સુફીયાન મિર્ઝાને ઝડપી લીધા છે. આરોપીઓએ ગુનાની કબૂલાત કરી હોવાથી આગળની તપાસ માટે તેમને કોસંબા પોલીસને સુપરત કરાયા છે.

પીપોદરામાં વાહન અડફેટે યુવાનનું મોત

હથોડા: પીપોદરા જીઆઈડીસી ખાતે રોડ ક્રોસ કરી રહેલા 35 વર્ષના ખાલક નામના યુવાનને હાઇવે પરથી પસાર થતા અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં મોડી સાંજે સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે પાલોદ પોલીસ મથકના પી.એસ. આઈ. એસ.ડી.ગોવાળિયાએ વધુ તપાસ કરી છે.

વ્યારા APMCમાં સુકાની બદલાયા

વ્યારા: તાપીમાં વ્યારા સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઇસ ચેરમેનની ટર્મ પૂર્ણ થતાં નવી નિમણૂક કરવામાં આવી છે, જેમાં સર્વાનુમતે યોજાયેલી બેઠકમાં ભાજપ પ્રેરિત પેનલ દ્વારા મહેન્દ્ર ગામીતની ચેરમેન તરીકે, જ્યારે મનોજ પટેલની વાઇસ ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી.

સોનગઢમાં પશુઓની ગેરકાયદે હેરાફેરી

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે પશુઓની ગેરકાયદે અને ઘાતકી હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. બારડોલી તરફથી એક અશોક લેલેન્ડ ટ્રક નં.(GJ-02-ZZ-7542) માં પશુઓને નિર્દયતાપૂર્વક બાંધીને મહારાષ્ટ્ર તરફ લઈ જવાઈ રહ્યાં હતાં. પોલીસે પીછો કરીને ચચરબુંદા ગામની સીમમાં ટ્રકને ઝડપી પાડી હતી. ટ્રકમાંથી ૧૨ ભેંસને મુક્ત કરાવવામાં આવી છે. પોલીસે ઘટના સ્થળેથી ટ્રકમાં સવાર બે આરોપી મુનવ્વરમીર હસન આલીસર અને આચાર ખાન રાયધનખાન સહતાની અટકાયત કરી છે. પોલીસે રૂ.૧૧ લાખની કિંમતની ટ્રક, રૂ.૩,૬૦,૦૦૦ની ભેંસો અને રૂ.૧૦,૦૦૦નો મોબાઈલ મળી કુલ રૂ.૧૪,૮૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ પશુઓ મોકલનાર રઝાકખાન ઉમરખાનને વોન્ટેડ જાહેર કરાયો છે.

કડોદની 'નોન-પોલ્યુશન' GIDCમાં પ્રદૂષણનું સામ્રાજ્ય: ગ્રામજનો હેરાન

પ્રદૂષણ ફેલાવતી કંપનીઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ

કડોદ: બારડોલીના કડોદ મીયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી 'નોન-પોલ્યુશન' (પ્રદૂષણમુક્ત) GIDC હાલ સ્થાનિક રહીશોના સ્વાસ્થ્ય માટે મોટો ખતરો બની ગઈ છે. વર્ષ-૨૦૦૯માં તત્કાલીન કેબિનેટ મંત્રી સૌરભભાઈ પટેલ દ્વારા અહીં ૬૬ કેવી સબસ્ટેશનનું ખાતમુહૂર્ત કરાયું હતું. તે સમયે આ ૫૦૦ એકર જમીન પર મારુતિ સુઝુકીનો પ્લાન્ટ સ્થાપવા માટે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વાત કરવામાં આવી હતી. કડોદ અને કંટાળી ગામના પ્રતિનિધિની આગેવાનીમાં દિલ્હી-ગુડગાંવ સુધી રજૂઆતો થઈ હતી, પરંતુ આજુબાજુનાં ગામોમાં સરકારી પડતર જમીન ઓછી હોવાને કારણે આ પ્રોજેક્ટ કેન્સલ થયો હતો. ત્યારબાદ રાજ્ય સરકારે ૨૦૧૫ સુધી આ જમીન રિઝર્વ રાખી હતી. આ વિસ્તાર ખેતીપ્રધાન અને NRI બેલ્ટ હોવાથી, કોઈ પ્રદૂષણ ન ફેલાય તેવા સ્પષ્ટ હેતુ સાથે વર્ષ ૨૦૧૭-૧૮માં અહીં ખાસ 'નોન-પોલ્યુશન GIDC' ડેવલપ કરી પ્લોટ ફાળવવામાં આવ્યા હતા, જેથી સ્થાનિકોને રોજગારી મળે અને પર્યાવરણ પણ સુરક્ષિત રહે. પરંતુ હાલમાં આ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી કેટલીક ફેક્ટરીઓમાં બોઈલરનાં ભૂંગળાં ઊભાં કરી દેવાયાં છે. આ એકમોમાં નિયમ મુજબ કોલસો કે ગેસ વાપરવાના બદલે ગેરકાયદે રીતે 'કોટન વેસ્ટ'નો ઈંધણ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ કચરો બળવાને કારણે રાત્રિના સમયે તેમજ વહેલી સવારે કડોદ મીયાવાડી, મસાડ, નસુરા, વઢવાણિયા, સિંગોદ અને હરિપુરા જેવાં આજુબાજુનાં તમામ ગામોમાં ભારે દુર્ગંધ ફેલાય છે અને હવામાં ઝેરી ધુમાડો છોડવામાં આવે છે. આ ગંભીર બાબતે મસાડના ડેપ્યુટી સરપંચ અને ગ્રામજનો દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-સુરતને વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ જ નક્કર પગલાં લેવાયાં નથી. તંત્રની આ ઘોર નિષ્ક્રિયતાને કારણે હજારો ગ્રામજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા હોવાથી, સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે અને પ્રદૂષણ ફેલાવતી કંપનીઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની તીવ્ર માંગ ઊઠી છે.

જોળવામાં મકાનની છત પર બેસવાની ના પાડતાં ઘરમાં ઘૂસી તોડફોડ

'આજે તો તને સબક શીખવાડીશું' તેમ કહી મહિલાને હત્યાની ધમકી આપી

પલસાણા: પલસાણાના જોળવાની જ આરાધના પેલેસ સોસાયટીમાં બની છે, જ્યાં અગાઉ પોલીસ બોલાવવાની અદાવત રાખી બે ઈસમે એક મહિલાના ઘરમાં ઘૂસી ભારે તોડફોડ મચાવી અંદાજે ૩૫,૦૦૦નું નુકસાન કર્યું છે.

આ કેસની વિગત મુજબ પલસાણાના જોળવાની આરાધના પેલેસ સોસાયટીના મકાન નં.૨૯માં ભાડેથી રહેતા સુમનબેન પ્રમોદભાઈ સુથાર (ઉં.વ.૪૦) (ઘરકામ)ના ઘરની છત પર ગત ૧૫ જૂનના રોજ બપોરે આકાશ ભીમરાવ બહારે અને વિષ્ણુ ઉર્ફે વિજય ભીમરાવ બહારે નામના ઈસમો તેમના મિત્રો સાથે બેસીને જોરજોરથી વાતો કરતા હતા. મહિલાએ તેમને છત પરથી જવા માટે કહેતા તેઓએ બોલાચાલી કરી હતી, જેથી મહિલાએ ૧૧૨ નંબર પર ફોન કરી પોલીસની મદદ મેળવી હતી. પોલીસ બોલાવ્યાની અદાવત રાખી ૧૬ જૂનની વહેલી સવારે ૬:૪૫ વાગ્યે આકાશ બહારે અને વિષ્ણુ બહારે નામના બંને ઈસમ લાકડાના દંડા અને હથિયારો સાથે મહિલાના ઘરે ધસી આવ્યા હતા. તેઓએ ઘરના આગળના ભાગની લોખંડની જાળી અને મુખ્ય દરવાજાને જોરજોરથી ધક્કા મારી નુકસાન પહોંચાડ્યું હતું તેમજ બારીના કાચ તોડી નાંખ્યા હતા. ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરીને મહિલાને હિન્દીમાં ગાળો આપી આજે તો તને સબક શીખવાડીશું તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જ્યારે મહિલાના ૧૫ વર્ષના પુત્ર ગણેશે ગાળો બોલવાની ના પાડી, ત્યારે બંને આરોપીઓએ તેને પણ શરીરે ઢીકમુક્કીનો માર માર્યો હતો અને ઘરવખરીના સામાનની તોડફોડ કરી હતી. મહિલાએ ફરીથી ૧૧૨ પર ફોન કરતા આરોપીઓ ભાગી છૂટ્યા હતા. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ ASI મનોજભાઈ ગોવિંદભાઈ કવાસીયાને સોંપી છે.

સંક્ષિપ્ત સમાચાર

દેલાડમાં લિફ્ટમાં ફસાતાં સગીર શ્રમિકનું મોત

સાયણ: ઓલપાડના દેલાડમાં ગોલ્ડન ઇન્ડસ્ટ્રિઝની ક્રિષ્ણા ફેબ્રિક્સમાં મંગળવારે મૂળ મધ્યપ્રદેશનો ૧૬ વર્ષીય શ્રમિક વિનયકુમાર કેવટ ગુડસ લિફ્ટમાં ફસાતાં તેનું મોત નીપજ્યું હતું. આ અકસ્માત અંગે ઓલપાડ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે, કાયદાની વિરુદ્ધ જઈને સગીર વયના બાળમજૂર પાસે કામ કરાવનાર ફેબ્રિક્સ માલિક સામે પોલીસે હજુ સુધી કોઈ ગુનો ન નોંધતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કામરેજમાં અકસ્માતમાં રત્નકલાકારનું મોત

કામરેજ: નવાગામ ખાતે કસ્તુરી એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ અમરેલીના બાબરીયા ગામના વતની મુકેશભાઈ ભગાભાઈ પરમાર (ઉ.વ.૪૦) વરાછા મિનીબજારમાં રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. બપોરે નેશનલ હાઈવે નં. ૪૮ ક્રોસ કરતી વખતે એક અજાણ્યા વાહને તેમને અડફેટે લીધા હતા. વાહનનું વ્હીલ માથા પરથી ફરી જતાં તેમનું મોત નીપજ્યું હતું. કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કડોદરામાં જુગાર રમતા 5 ઝડપાયા

પલસાણા: પલસાણાના કડોદરા ચાર રસ્તા ઓવરબ્રિજ નીચે જાહેરમાં ગંજીપાનાં વડે જુગાર રમતા પાંચ ઇસમને કડોદરા GIDC પોલીસે ઝડપી પાડ્યા છે. ૧૬ જૂનના રોજ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સંજીબ શર્મા, અકીલ શૈખ, સુરેશસિંહ રાજપૂત, વિજય આહીરે અને ઓમપ્રકાશ કોરીની ધરપકડ કરી હતી. પોલીસને જોઈ નીતિન શુક્લા નાસી છૂટ્યો હતો, જેને વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસે ઘટના સ્થળેથી દાવ પરના અને અંગજડતીના મળી કુલ ૩,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બગુમરામાં ટ્રેન અડફેટે યુવકનું મોત

પલસાણા: પલસાણાના બગુમરા ગામ પાસે એક ૩૨ વર્ષીય યુવકનું ટ્રેન સાથે અથડાવાથી ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. મૂળ રાજસ્થાનના અને હાલ કડોદરાની બાલાજીનગર સોસાયટીમાં રહેતા પંકજ પુખરાજ જોષી ગત ૧૬ જૂનના રોજ બપોરે બગુમરા રેલવે ફાટક નજીક સુરત-ભુસાવલ ટ્રેક પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અગમ્ય કારણોસર તેઓ ટ્રેનની અડફેટે આવી જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મૃતકના ભાઈ જગદીશ જોષીની જાણના આધારે પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં સ્માર્ટ ગર્લ જાગૃતિ સત્ર યોજાયું

અંકલેશ્વર: અંકલેશ્વર ખાતે જૈન સમાજ દ્વારા કિશોરીઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણના હેતુથી 'સ્માર્ટ ગર્લ પ્રોજેક્ટ' અંતર્ગત જાગૃતિ સત્રનું આયોજન કરાયું હતું. સત્રમાં આશરે 35 કિશોરીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કામરેજમાં તબેલાની અદાવતમાં પશુપાલક પર તલવારથી હુમલો

ઈજાગ્રસ્ત પશુપાલકને ખોલવડની હોસ્પિટલમાં ખસેડાયો

કામરેજ: કામરેજ ના ચોર્યાસી ગામની હદમાં તબેલાની જૂની અદાવતમાં પશુપાલક પર તલવાર વડે જીવલેણ હુમલો થયો હતો. મૂળ દેવભૂમિ દ્વારકાના અને હાલ ચોર્યાસી ગામમાં ભેંસનો તબેલો ધરાવતા ધરણાતભાઈ મશરીભાઈ સુવાએ પાડોશી તબેલાવાળા હકા રબારી મારફતે રૂ.78,000માં ભેંસ ખરીદી હતી. જો કે, ભેંસ તાજી વીયાણ થયેલી ન નીકળતાં વિવાદ થયો હતો. આ બાબતે તબેલા માલિકની મધ્યસ્થતાથી હકાભાઈના ભાઈ ભરત રબારી પાસેથી રૂ.10,000 પરત અપાવવામાં આવ્યા હતા, જેનું મનદુ:ખ ભરત રાખી રહ્યો હતો. મંગળવારે સાંજે ધરણાતભાઈ પોતાના તબેલામાં કામ કરી રહ્યા હતા, ત્યારે બાજુના તબેલા તરફ જોવા જેવી નજીવી બાબતે ભરત રબારીએ ગાળો આપી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ભરત અને તેનો ભાઈ મેહુલ રબારી તલવાર સાથે ધસી આવ્યા હતા. ભરતે તલવાર વડે માથામાં ઘા કરવાનો પ્રયાસ કરતા ધરણાતભાઈએ આડો હાથ ધરતાં અંગૂઠા પર ઈજા થઈ હતી, જ્યારે બીજો ઘા માથામાં વાગ્યો હતો. બૂમાબૂમ થતાં પત્ની, પુત્રી અને આસપાસના લોકો દોડી આવતાં હુમલાખોરો નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત પશુપાલકને ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેમના માથા અને શરીરે ટાંકા આવ્યા છે. આ અંગે કામરેજ પોલીસે ભરત અને મેહુલ રબારી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલી એપીએમસીના પ્રમુખ તરીકે પ્રતાપસિંહ દેસાઈની વરણી

ઉપપ્રમુખ તરીકે જયેશભાઈ પટેલ બિનહરીફ ચુંટાયા

સુરત જિલ્લા ભાજપના મેન્ડેટ સાથે નામો જાહેર કરાયાં

બારડોલી: મઢી એપીએમસીની આ મહત્ત્વની ચૂંટણી સભામાં સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના પ્રમુખ બળવંતભાઈ પટેલ સુરત જિલ્લા ભાજપ તરફથી સત્તાવાર મેન્ડેટ લઈને આવ્યા હતા. તેમણે સભા સમક્ષ પક્ષ દ્વારા નક્કી કરાયેલાં નામો જાહેર કર્યાં હતાં, જેને તમામ સભ્યોએ સર્વાનુમતે માન્ય રાખતાં આ વરણી બિનહરીફ જાહેર કરવામાં આવી હતી. જો કે, સહકારી સંસ્થાઓની ચૂંટણીઓમાં આ પ્રકારે શરૂ કરવામાં આવેલી 'મેન્ડેટ પ્રથા'ને કારણે ચુંટાયેલા પ્રતિનિધિઓનો મુક્તપણે મત આપવાનો લોકતાંત્રિક અધિકાર છીનવાઇ રહ્યો હોવાની એક સુષુપ્ત ચર્ચા પણ સહકારી વર્તુળોમાં જોરશોરથી ચાલી હતી.

બારડોલી: બારડોલી તાલુકાના સહકારી રાજકારણમાં આજે એક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક બદલાવ જોવા મળ્યો છે. ગુજરાત ખેત ઉત્પન્ન બજારો બાબતના નિયમોની જોગવાઈઓ હેઠળ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બારડોલી, મઢીની બીજી ટર્મ માટે પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. સુરત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ અને નાયબ નિયામક ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્રના ચૂંટણી અધિકારી હરેશભાઈ કાછડના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર ચૂંટણી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં બંને સર્વોચ્ચ પદો પર સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

એપીએમસીના સુધારેલા નવા નિયમો અનુસાર હવે કોઈપણ વ્યક્તિ મહત્તમ ૭.૫ વર્ષ સુધી જ પ્રમુખ પદ પર રહી શકે તેમ હોય, નિયમ મુજબ વર્તમાન પ્રમુખ ભીખુભાઈ ઝવેરભાઈ પટેલને આ પદ માટે રિપીટ કરી શકાય તેમ નહોતા. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પ્રમુખ પદ માટે પ્રતાપસિંહ વજેસિંહ દેસાઈના નામની દરખાસ્ત ખુદ પૂર્વ પ્રમુખ ભીખુભાઈ ઝવેરભાઈ પટેલ દ્વારા મૂકવામાં આવી હતી, જેને રમેશચંદ્ર પુરસોત્તમદાસ નેમાણી દ્વારા ટેકો જાહેર કરાયો હતો. આ દરખાસ્ત માન્ય રહેતા અને અન્ય કોઈ ઉમેદવારી પત્ર રજૂ ન થતાં પ્રતાપસિંહને બીજી ટર્મની મુદત માટે બિનહરીફ પ્રમુખ જાહેર કરવામાં આવ્યા હતા. બાદ તુરંત જ સમિતિની સામાન્ય સભા બોલાવીને ઉપપ્રમુખ પદની ચૂંટણી હાથ ધરાઈ હતી, જેમાં જયેશકુમાર અરવિંદભાઈ પટેલના નામની દરખાસ્ત કશ્યપભાઈ જગદીશચંદ્ર પટેલ દ્વારા રજૂ કરાઈ હતી અને તેને તુષારભાઈ અમૃતભાઈ નાયક દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો. આ પદ પર પણ અન્ય કોઈ ઉમેદવાર ન હોવાથી જયેશકુમારને સર્વાનુમતે બિનહરીફ ઉપપ્રમુખ ઘોષિત કરાયો હતા. મઢી એપીએમસીમાં સહકારી એકતા જાળવી રાખી તમામ સભ્યોએ આ નવી વરણીને હર્ષભેર વધાવી લીધી છે.

સેવણી સહકારી રાઈસ મિલના પ્રમુખ અને ઉપપ્રમુખ વરાયા

વિશાલ પટેલ

કામરેજ: કામરેજની સેવણી વિભાગ ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી (સહકારી રાઈસ મીલ)ની ચુંટણી પૂર્ણ થયા બાદ આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે બુધવારના રોજ સવારે 10.00 કલાકે સંસ્થાના હોલમાં સુખદેવભાઈ લલ્લુભાઈ પટેલ(રૂઢવાડા)ના અધ્યક્ષ સ્થાને મીંટીંગ યોજાઈ હતી.જેમાં ચુંટાયેલા તમામ ડીરેકટરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંસ્થાના પ્રમુખ પદ માટે કેતન અમૃતભાઈ દેસાઈ(પટેલ-દિગસ) ની દરખાસ્ત અરુણ રતિલાલભાઈ પટેલ(નગોડ)એ મુકી અને સમીર ભીખુભાઈ ચૌહાણ(ખાનપુર)એ ટેકો જાહેર કર્યો હતો.જ્યારે ઉપપ્રમુખ પદ માટે ભરત ભુલાભાઈ પટેલ(સેગવા) ની દરખાસ્ત જનક હસમુખભાઈ પટેલ(વિહાણ)એ મુકી અને અમીત પરસોત્તમભાઈ પટેલ(સેવણી)એ ટેકો જાહેર કર્યો હતો. તેમની સામે કોઈએ પણ ઉમેદવારી ન કરતાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી થઈ છે.

બે વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસની ખાસ ડ્રાઈવ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્ક્વોડે બે વર્ષથી નાસતા ફરતા રીઢા ગુનેગાર રીષતી ઉર્ફે રૂષભ ગોપાલધર દુબે (ઉં.વ.૨૯) (રહે.,ચલથાણ) ને ચલથાણ ત્રણ રસ્તા નજીકથી ઝડપી લીધો છે. આરોપી કામરેજ પોલીસ સ્ટેશનના વર્ષ-૨૦૨૪ના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હતો. પકડાયેલા આરોપી સામે અગાઉ વલસાડના ડુંગરા અને પારડી, નવસારીના ચીખલી અને ગણદેવી તેમજ કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન, BNS અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુના નોંધાયેલા છે. તેની સામે પાસા (PASA) હેઠળ પણ કાર્યવાહી થઈ ચૂકી છે. પોલીસે આરોપીને કડોદરા GIDC પોલીસને સુપરત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.